# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૨ તા.૬-૧૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :-Digital Litercy Campaign કાર્યક્રમ નિહાળવા બાબત.**

**સંદર્ભ :-ક્રમાંક : પ્રાશિનિ / સંકલન / ૨૦૧૬ / ૬૨૬૭ - ૬૩૨૧ નિયામકશ્રી પ્રા.શિક્ષણ વિભાગનો તા.૬-૧૨-૧૬નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સરકાર દ્વારા રાજ્યના તમામ પ્રજાજનોમાં ટેકનોલોજીના ઉપયોગથી પોતાના નાણાંકીય વ્યવહારો કેવી રીતે સરળતાથી કરી શકાય તે અંગે જાગૃતિ આવે તે માટે બાયસેગના માધ્યમથી રાજ્યવ્યાપી તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. તા.૭-૧૨-૧૬ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકથી તેનું પ્રસારણ કરવામાં આવશે.

સદર કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા થનાર છે. આ કાર્યક્રમનો લાભ યુ.આર.સી., સી.આર.સી., સુપરવાઈઝરશ્રીઓ, નાયબ શાસનાધિકારીશ્રી, મદદનીશ શાસનાધિકારીશ્રીઓ, તમામ મુખ્ય શિક્ષકશ્રીઓ તથા તમામ શિક્ષકશ્રીઓ,એસ.એસ.એ.ના પ્રોજેક્ટ તથા ફિલ્ડ સ્ટાફ અને શક્ય હોય ત્યાં સુધી શહેરીજનો,વાલીઓ પણ આ કાર્યક્રમનો લાભ લે તે માટે જરૂરી પ્રચાર-પ્રસાર અને સંકલન કરવું.

સદર કાર્યક્રમનો કેટલા લોકોએ લાભ લીધો તેની વિગતો તથા આંકડાકીય વિગતો તા.૭-૧૨-૨૦૧૬ના રોજ ૩.૦૦ વાગ્યા સુધીમાં અથવા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બીટ સુપરવાઈઝરને નીચેના ફોર્મેટ પ્રમાણે એસ.એમ.એસ. કે whatsapp દ્વારા મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ | શાળાનું નામ | કાર્યક્રમ નિહાળેલ કર્મચારીની સંખ્યા | કાર્યક્રમ નિહાળેલ મહાનુભાવો,વાલીઓ, શહેરી જનોની સંખ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|
| | | | | |

કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં બાયસેગ ડીસ ચાલુ છે કે કેમ તેની ખાત્રી કરી લેવી તથા નજીકની માધ્યમિક શાળાઓ કે ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો કાર્યક્રમ નિહાળવા આવે તથા શહેરીજનોની સાથે મ્યુનિ. સ્કૂલ બોર્ડનાં પદાધિકારીશ્રીઓ, સ્કૂલ બોર્ડનાં સભ્યશ્રીઓ , મ્યુનિ. કોર્પોરેશનનાં પદાધિકારીશ્રીઓ, મ્યુનિ. કાઉન્સીલરશ્રીઓ , અધિકારીશ્રીઓ પણ કાર્યક્રમ નિહાળવા આવે તો તેની બેઠક વ્યવસ્થા યોગ્ય રીતે કરવાનું જણાવવામાં આવે છે.

તા.૬-૧૨-૧૬ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

**નોંધ :- શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં જે મ્યુનિ.શાળાના શિક્ષકોએ બી.એલ.ઓ.ની કામગીરી ૩ રવિવાર દરમ્યાન કરી હોય તેઓએ ઉનાળુ વેકેશન વર્ષ-૨૦૧૭ પહેલાં શાળાના શૈક્ષણિક કાર્યને કે ગુણોત્સવ કાર્યક્રમને બાધ ન આવે તે રીતે એટલે કે ૩ દિવસની વળતર રજા સ્વૈચ્છીક રીતે જે-તે ડે.કલેકટરશ્રીના દાખલાના આધારે ખાત્રી થયેથી જે- તે શાળાના મુખ્ય શિક્ષકશ્રી પરચૂરણ રજા તરીકે મંજૂર કરી શકશે.**

પરિપત્ર નં.૧૨૩ તા.૬-૧૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય:- ‘‘પ્રાથમિક -માધ્યમિક ચિત્રકામ પરીક્ષા-૨૦૧૬’’ની હોલટીકીટ ડાઉનલોડ કરવા બાબત.**

**સંદર્ભ:- પત્ર ક્રમાંક:રાપબો/ચિકપ/૨૦૧૬/૧૨૦૩૪-૧૨૧૦૦,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.રા., તા.૦૫-૧૨-૨૦૧૬ અન્વયે.**

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે પ્રાથમિક/માધ્યમિક ચિત્રકામ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા. ૧૫-૧૨-૨૦૧૬ થી ૧૭-૧૨-૨૦૧૬ના રોજ યોજવામાં આવશે. ઉક્ત પરીક્ષા માટેની હોલટીકીટ www.sebexam.org વેબસાઈટ પરથી તા. ૦૬-૧૨-૧૬ના રોજથી વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર તથા જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરવાની રહેશે. મુખ્ય શિક્ષકશ્રીએ સદર પરીક્ષામા ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.

તા.૬-૧૨-૧૬ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી